૬૦૪/૯

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

જલસેવા ભવન,'છ' રોડ, એરફોર્સ સામે, સેકટર-૧૦/એ,ગાંધીનગર
ટેલીફોન નં.(૦૭૯)૨૩૨૨૨૫૪૭, ૨૩૨૨૦૮૫૯, ૨૩૨૨૫૯૭૨
ફેકસ - ૯૨૩૨૨૫૯૭૯,
E-mail:-cemgwssb@gmail.com

મુખ્ય ઇજનેર(યાં)

જા.નં.મુ.ઇ.(યાં)/૨૦૧૬/વાહન ભાડે /યુનિટ રેઇટ/૩૦૯૪ તા.૨૫/૧૧/૨૦૧૬.

પ્રતિ,
કાર્યપાલક ઇજનેરશ્રી,
જા.આ.યાં.સ્ટોર વિભાગ,
ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ,
ગાંધીનગર.

વિષય:- ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ હસ્તકની ક્ષેત્રિય કચેરીઓ માટે ત્રણ વર્ષ માટેના કરારથી વાહન ભાડે રાખવાના યુનિટ રેઇટ મંજુર કરવા બાબત.

સંદર્ભ:- (૧) આપની કચેરીનાપત્ર નં એસ.કે./ આર.સી. / hiring of Vehicles /૧૬૦૬ તા. ૧૫/૦૯/૨૦૧૬

(૨) નાણાં નિયંત્રકશ્રી, બોર્ડ કચેરી ગાંધીનગરના પત્ર ક્રમાંક: ફીન/ ટી.પી.સી. નં ૧-૩૫૯/ કાર્યવાહી નોંધ/ ૮૯ તા:-૨૧/૧૧/૨૦૧૬.

આપના સંદર્ભ-૧ તળેના પત્રથી કરારખત આધારિત વાહનો ભાડે રાખવા અંગેના આઇ.ડી નં <u>૨૧૯૨૫૫</u> થી બહાર પાડેલ ટેન્ડરની મંજૂરી માટેની દરખાસ્ત ગુ.પા.પુ.અને ગ.વ્ય બોર્ડ ગાંધીનગર ની વડી કચેરી દ્વારા તા ૨૮.૧૦.૨૦૧૬ ના રોજ ટી.પી.સી.૧ બેઠકનં ૩૫૯ માં રજુ કરવામાં આવેલ. સદર દરખાસ્તને ટી.પી.સી.૧ બેઠકનં ૩૫૯ ની કાર્યવાહી નોંધના ઠરાવ નં ટીપીસી-૧/૩૫૯/૧૮ થી મંજુરી મળેલ છે.

ટી.પી.સી.૧ની બેઠકનં ૩૫૯ ની કાર્યવાહી નોંધના ઠરાવ નંબર ૧૮ ની સાપેક્ષમાં તથા ટેન્ડરની શરતો અને બોલીઓને આધિન રહીને ક્ષેત્રિય કચેરીઓથી કરારખત કરવાના થાય છે. જે અન્વયે સંબંધિત કાર્યવાહી આપની વિભાગીય કચેરી કક્ષાએથી (૧) મંજુર થયેલ ટેન્ડરની નકલ (૨) ટી.પીસી-૧ ની બેઠક નં-૩૫૯ ની ઠરાવ નં ૧૮ તા; ૨૧/૧૧/૨૦૧૬ ની નકલ (૩) સદર ટેન્ડરમાં જિલ્લાવાર અને આઇટેમવાર ભાગ લીધેલ એજન્સીઓની વિગતો (નામ, સરનામા, ટેલીફોન નંબર વગેરે)ની તમામ સંલગ્ન દસ્તાવેજોની પ્રમાણિત નકલ કરીને મુ.ઇ.શ્રી ઝોન ૧/૨/૩/૪/૫ ને અનુક્રમે વડોદરા/ અમદાવાદ/ રાજકોટ/ ભૂજ/ જૂનાગઢ તથા નિયામકશ્રી, ગુજરાત જલ.સેવા તાલિમ સંસ્થા સેકટર-૧૫ ગાંધીનગર, તથા ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડ તથા મુખ્ય ઇજનેરશ્રી, વાસ્મો ગાંધીનગરને આગળની કાર્યવાહી અર્થે અત્રેની કચેરીની જાણ હેઠળ સાદર મોકલી આપશો. વાહન ભાડાના મંજૂરીની વિગતો બોર્ડની વેબ સાઇટ પર મૂકવા સારૂ સીસ્ટમ મેનેજરશ્રીને નકલ આપશો.

મંજુર થયેલ ભાવોએ અને ટેન્ડરની શરતો મુજબ વિભાગીય /વર્તળ / ઝોન કચેરી દ્વારા કરાર કરી વાહન ભાડા કરારથી રાખવાના રહેશે.

આ મંજૂર થયેલ ભાવોએ "ટાટા ઇન્ડીકા" વાહન ભાડા કરારથી રાખી શકાશે નહિ.

આ સાથે ટીપીસી ૧ બેઠકનં ૩૫૯ ની કાર્યવાહી નોંધ ના ઠરાવ નંબર ૧૮ પત્ર નં ૯૦ તા: ૨૧.૧૧.૨૦૧૬ ની નકલ આગળની કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવે છે.

નોંધ: ગુજરાત પા.પુ.અને ગવ્ય બોર્ડ હસ્તકની ક્ષેત્રિય કચેરીઓ માટે ત્રણ વર્ષ માટેના કરારથી વાહન ભાડે રાખવાના મંજુર યુનિટ રેઇટ માટે ડિઝલ અને સી.એન.જી ગેસના બેઝિક ભાવો અનુક્રમે રૂ. ૫૨.૮૬ પ્રતિ લિટર અને ૪૬.૭૫ પ્રતિ કિલોગ્રામ ગણવાના રહેશે.

બિડાણ:- ઉપર મુજબ

**(એમ.એચ.પટેલ)**
મુખ્ય ઇજનેર (યાં)

**નકલ સાદર રવાના પ્રતિ:-**

- માન.સભ્ય સચિવશ્રી,ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ,ગાંધીનગર.

**નકલ શુભેચ્છાસહ રવાના પ્રતિ ;-**

- નાણાં નિયંત્રકશ્રી, બોર્ડ કચેરી ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી ઝોન- ૧/૨/૩/૪/૫, ગુ.પા.પુ.અને ગ.વ્ય બોર્ડ, વડોદરા/ અમદાવાદ / રાજકોટ / ભુજ / જુનાગઢ તરફ જાણ સારૂ તથા આગળની કાર્યવાહી થવા સારૂ.
- મુખ્ય ઇજનેરશ્રી અને નિયામકશ્રી, ગુજરાત જલ સેવા તાલીમ સંસ્થા, ગુ.પા.પુ.અને ગ.વ્ય બોર્ડ ગાંધીનગર તરફ જાણ સારૂ તથા આગળની કાર્યવાહી થવા સારૂ.
- ચીફ જનરલ મેનેજરશ્રી, ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડ, ગાંધીનગર તરફ જાણ સારૂ તથા આગળની કાર્યવાહી થવા સારૂ.
- મુખ્ય ઇજનેરશ્રી, વાસ્મો, ગાંધીનગર તરફ જાણ સારૂ તથા આગળની કાર્યવાહી થવા સારૂ.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
(ગુજરાત સરકારનુ સાહસ)
!! છ !! રોડ, જલસેવા ભવન, એરફોર્સ કચેરીની સામે, સેકટર-૧૦-એ,ગાંધીનગર
પીએબીએકસ ફોન નં.૯૯૭૮૪૪૧૧૦૧ થી ૧૧૦૫, ફેકસ નં.૦૨૭૧૨-૨૩૨૨૫૯૭૯
વેબસાઈટ : "www.gwssb.org" **E-mail** : bc.gwssb@gmail.com

પત્ર ક્રમાંક: ફીન/ટીપીસીનં.૧-૩૫૯/કાર્યવાહીનોંધ/ ૯૦ તા.૨૧/૧૧/૨૦૧૬

પ્રતિ,

પ્રોજેકટ ડાયરેકટરશ્રી, અર્બનસેલ, બોર્ડ કચેરી, ગાંધીનગર.
મુખ્ય ઇજનેરશ્રી, ટેકનીકલ/મટી. (સિવિલ), બોર્ડ કચેરી, ગાંધીનગર.
મુખ્ય ઇજનેરશ્રી, (યાંત્રિક), બોર્ડ કચેરી, ગાંધીનગર.
મુખ્ય ઇજનેરશ્રી, ઝોન-૧, વડોદરા.
મુખ્ય ઇજનેરશ્રી, ઝોન-૨, અમદાવાદ.
મુખ્ય ઇજનેરશ્રી, ઝોન-૩, રાજકોટ.
મુખ્ય ઇજનેરશ્રી, ઝોન-૫, જુનાગઢ.
અધિક્ષક ઇજનેરશ્રી, ટેકનીકલ સેલ, બોર્ડ કચેરી, ગાંધીનગર.

વિષય - ટેન્ડર એન્ડ પરચેઈઝ કમિટિ નં.૧ ની ૩૫૯ મી બેઠકની કાર્યવાહી નોંધ બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, આ બોર્ડની ટેન્ડર એન્ડ પરચેઇઝ કમિટિ નં.૧ ની ૩૫૯ મી બેઠક તા.૨૮/૧૧/૨૦૧૬ ને શુક્રવારના રોજ ૧૧:૦૦ કલાકે બોર્ડની મુખ્ય કચેરીના સભાખંડમાં ગાંધીનગર ખાતે મળેલ હતી. જેની કાર્યવાહી નોંધ આ સાથે આપને જાણ તથા જરૂરી અમલવારી માટે અને કરેલ અમલવારીની જાણ અત્રે કરવા માટે મોકલી આપવામાં આવે છે. જે વિદિત થવા વિનંતી.

બિડાણ : ઉપર મુજબ

આપનો વિશ્વાસુ

( એમ.વી.પટેલ )
નાણાં નિયંત્રક અને કન્વીનર

પ્રકાર
૬૦૧/૮

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
## જલસેવા ભવન, સે.૧૦-એ ગાંધીનગર.

ટેન્ડર એન્ડ પરચેઇઝ સમિતિની ૩૫૯ મી બેઠક તા.૨૮-૧૦-૨૦૧૬ ને શુક્રવારના રોજ ૧૧-૦૦ કલાકે બોર્ડની મુખ્ય કચેરીના સમિતિ ખંડ, ગાંધીનગર ખાતે મળી હતી જેમાં સમિતિનાં નીચે જણાવેલ સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી મુકેશ પુરી , IAS<br>ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,<br>ગાંધીનગર. અને | માન. અધ્યક્ષશ્રી, |
| | અગ્ર સચિવશ્રી (પાણી પુરવઠા)<br>નર્મદા,જળસંપત્તિ, પા.પુ. અને કલ્પસર વિભાગ,<br>સચિવાલય, ગાંધીનગર. | સભ્યશ્રી |
| ૨. | શ્રી સંજીવકુમાર,IAS,<br>સચિવશ્રી (ખર્ચ)<br>નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૩. | શ્રી મિલીન્દ તોરવણે, IAS,<br>વહીવટી સંચાલકશ્રી, ગુજરાત શહેરી વિકાસ કંપની(જીયુડીસી),<br>ગાંધીનગર. | સભ્યશ્રી, |
| ૪. | શ્રી તુષાર ધોળકિયા, IAS,<br>સભ્ય સચિવશ્રી,ગુજરાત પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર. | સભ્યશ્રી, |
| ૫. | શ્રી તુષાર ધોળકિયા, IAS,<br>વહીવટી સંચાલકશ્રી,<br>ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર્સ લી.ગાંધીનગર | આમંત્રિત સભ્યશ્રી |
| ૬. | શ્રી પી.આર.પટેલીયા<br>મુખ્ય ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગર. | મા. અને મ.વિ ના પ્રતિનિધિ |
| ૭. | શ્રી જે.એસ.જોષી<br>નાણાં સલાહકારશ્રી<br>નર્મદા,જળસંપત્તિ,પા.પુ. અને કલ્પસર વિભાગ, ગાંધીનગર. | |
| ૮. | શ્રી એમ.વી.પટેલ<br>નાણાં નિયંત્રકશ્રી, ગુજરાત પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર | કન્વીનરશ્રી, |

<u>હાજર રહેલ અન્ય અધિકારીશ્રીઓ :-</u>

| | | |
|---|---|---|
| ૧. | જે.બી.પટેલ | નિવૃત મુખ્ય ઇજનેર અને કન્સલટન્ટ, જીડબલ્યુએસબી. |
| ૨. | શ્રી ડી.બી.વ્યાસ | માન. અધ્યક્ષશ્રીના તાંત્રિક સલાહકાર |
| ૩. | શ્રી જી.કે.પટેલ | માન.સભ્ય સચિવશ્રીના અંગત મદદનીશ. |
| ૪. | શ્રી એન.એચ.પટેલ | મુખ્ય ઇજનેરશ્રી (ટેકનીકલ/અર્બનસેલ) |
| ૫. | શ્રી એમ.એચ.પટેલ | મુખ્ય ઇજનેરશ્રી (યાંત્રિક) |

| | | |
|---|---|---|
| ૬. | શ્રી બી.બી.પટેલ | મુખ્ય ઇજનેરશ્રી-ઝોન-૧, વડોદરા |
| ૭. | શ્રી ડી.જી.ચૌધરી | મુખ્ય ઇજનેરશ્રી ઝોન-૨, અમદાવાદ |
| ૮. | શ્રી બી.એ.મારૂ | મુખ્ય ઇજનેરશ્રી ઝોન-૩, રાજકોટ |
| ૯. | શ્રી એન.એમ.પટેલ | મુખ્ય ઇજનેરશ્રી ઝોન-૫, જૂનાગઢ |
| ૧૦. | શ્રી નિરવ સોલંકી | અધિક્ષક ઇજનેરશ્રી (ટેકનીકલ) |
| ૧૧. | શ્રી કે.એસ.શાહ | અધિક્ષક ઇજનેરશ્રી, (અર્બન સેલ), બોર્ડ કચેરી, ગાંધીનગર. |
| ૧૨. | શ્રી પી.ટી.શાહ | અધિક્ષક ઇજનેરશ્રી, જા.આ.યાં.વર્તુળ, વડોદરા. |
| ૧૩. | શ્રી કે.કે.પટેલ | અધિક્ષક ઇજનેરશ્રી, જા.આ.વ.વડોદરા |
| ૧૪. | શ્રી જે.એમ.સોનારા | કાર્યપાલક ઇજનેરશ્રી, (યાંત્રિક), બોર્ડ કચેરી, ગાંધીનગર. |
| ૧૫. | શ્રી પી.જી.ચોકસી | નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, (યાંત્રિક), બોર્ડ કચેરી, ગાંધીનગર. |
| ૧૬. | ટી.સી.ઇ.ના પ્રતિનિધિઓ | |

ટીપીસી-૧/૩૫૯/૧ **સભ્યશ્રીની હાજરી બાબત.**

સમિતિના સર્વે સભ્યશ્રીઓ હાજર રહયા હતા.

ટીપીસી-૧/૩૫૯/૨ **ટેન્ડર એન્ડ પરચેઇઝ કમિટી નં.૧ ની તા.૨૪/૦૮/૨૦૧૬ ના રોજ મળેલ ટીપીસી નં ૧-૩૫૮ મી બેઠકની કાર્યવાહી નોંધને બહાલી આપવા તથા તે અન્વયે કરેલ કાર્યવાહીની વિગત.**
**(Action Taken Report)**

સભ્ય મંડળે વિગતવાર ચર્ચા કરી, ટેન્ડર એન્ડ પરચેઇઝ કમિટી નં.૧ ની તા.૨૪-૮-૨૦૧૬ ના રોજ મળેલ ૩૫૮ મી બેઠકની કાર્યવાહી નોંધને બહાલી આપવા ઠરાવ્યું. તેમજ સદર કાર્યવાહી નોંધના ઠરાવ અન્વયે કરેલ કાર્યવાહીની રજુ થયેલ વિગત (એકશન ટેકન રીપોર્ટ) સમિતિએ વંચાણે લીધો.

એકશન ટેકન રીપોર્ટમાં ઠરાવ નંબર-૩૫૮/૫, રાજુલા ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત ગટર લાઇન, હાઉસ કનેકશન, રાઇઝીંગ મેઇન, પંપીંગ સ્ટેશનના કામ માટે મંજુર કરેલ વધારેલ સમયમર્યાદાના અમલીકરણ સંદર્ભમાં મુખ્ય ઇજનેરશ્રી, ઝોન-૫ એ સમિતિને જણાવ્યું કે, આ કામની સંબંધિત એજન્સી બાકી રહેતું કામ આગળ કરી શકતી નથી. જેની સ્પષ્ટતા સમિતિને કરતાં મુખ્ય ઇજનેરશ્રીએ જણાવ્યું કે સંબંધિત સ્થાનિક સંસ્થાના પ્રમુખશ્રી, નગરપાલિકાના અધિકારીશ્રી કામ કરવા માટે સહકાર આપતા હોવા છતાં એજન્સી કામ કરી શકતી નથી અને કયા કારણોસર એજન્સી કામ કરી શકતી નથી તેના કોઇ ચોકકસ કારણો જાણી શકાતા નથી.

સમિતિએ આ બાબતની નોંધ લીધી અને જીલ્લા સંકલન કક્ષાએ મળતી બેઠકમાં આ બાબત ધ્યાને લાવી કામ આગળ થાય તે માટે નિયમિત